**રાજકોટ ના મહે ૧૩ માં અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબ ની કોર્ટમાં**
**ફોજદારી કેસ નંબર : ૬૪૦૯/૨૦**
**આંક : ૦૮**

**ફરીયાદી:** શ્રી સરકાર

**::: વિરૂધ્ધ :::**

**આરોપી:** ૧) નીલેશ કાન્તીભાઈ રાઠોડ, ૨) પિયુષ મુકુંદભાઈ રાઠોડ

**ગુનો :– આઈ.પી.સી. ની કલમ ૨૬૯, ૧૧૪**

**::: ચુકાદો :::**

**૧)..** ફરીયાદપક્ષના કેસ ની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના આરોપીઓએ હાલ નોવેલ કોરોના વાયરસને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝર ધ્વારા વૈશ્વીક મહામારી જાહેર કરેલ હોય જેનો ફેલાવો અટકાવવા કેન્દ્ર સરકાર અને રાજય સરકાર તરફથી અનલોક જાહેર થયેલ હોય તેમજ પોલીસ કમિશ્નર સાહેબ રાજકોટનાઓએ શહેરમાં વધારે વ્યકિતઓએ એકઠા થવુ નહી તેવુ જાહેરનામું બહાર પાડેલ હોય તેમ છતાં આ કામના આરોપીઓએ બિનજવાબદારીપુર્વકનુ વર્તન કરી પોતાને ચેપ લાગવાની સંભાવના તથા ચેપ ફેલાવવાની સંભાવના હોવાનુ જાણતા હોવા છતાં ગુનો કર્યા બાબતનુ આઈ.પી.સી. ની કલમ ૨૬૯ નો ભંગ કરેલ છે.

**૨)..** આરોપીઓ કોર્ટમાં હાજર રહેતા તેમને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે, આરોપીઓએ પોતે ગુનો કબુલ કરવા માંગતા હોવાનુ જાહેર કરી પુરસીસ રજુ કરેલ છે. જે સંદર્ભે આરોપીઓએ સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે. આરોપીનાઓની આ રાજીખુશીથી કરેલી કબુલાત હોય, તે નહીં માનવા માટે કોઈ કારણ નથી, જેથી આરોપીઓની કબુલાત ધ્યાને લઈ તેમને સજા બાબતે પુછતાં જણાવેલ છે કે તેમનો આ પ્રથમ ગુનો છે અને પોતાની આ પહેલી ભુલ બદલ હળવી સજા કરવા દયાની અરજ કરેલ છે. આમ ઉપરોકત તમામ સંજોગો ગુનાની હકિકત અને સજા જગોવાઈ જોતા ન્યાયના હિતમાં આરોપીઓની કબુલાત સ્વીકારી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**::: હુકમ :::**

આ કામના આરોપીઓને ક્રી. પ્રો.કો. કલમ ૨૫૨ મુજબ ઈ.પી.કો. કલમ ૨૬૯, ૧૧૪ મુજબનાં ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે અને પ્રત્યેક આરોપીને રૂા ૧૦૦/– પુરાનો દંડ કરવામાં આવે છે. જે આરોપી દંડની રકમ ના ભરે તો તે આરોપીને દિન – ૧ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

મુદામાલ પાવતી મુજબનો મુદામાલ અત્રેની અદાલતમાં કોઈ વ્યકિતએ કલેઈમ કરેલ નથી. કલેઈમ કરનારની માલીકી સંબંધે ખરાઈ કરી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

આજ તારીખ ૧૧ , માંહે : સપ્ટેમ્બર , સને : ૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં હુકમ જાહેર કર્યા

સહી/–

**( એલ.ડી.વાઘ )**
૧૩માં અધિક ચીફ જયુડીશ્યલ મેજી, રાજકોટ
UID GJ01087